શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

ટપુંક

વર્ષ : ૧૪

અંક : ૧૦

## નુતન વર્ષાભિનંદન



## સંસ્કાર દીપ

પાણીના બે સ્વભાવ સતત યાદ રાખવા જેવા છે. પહેલા સ્વભાવ એ કે એ કોઈ પણ જગ્યાએ ગોઠવાઈ જવા તૈયાર હોય છે. એ ગમે તેવા આકારના વાસણમાં પોતાની જાતને સમર્પિત કરી દે છે.

એ લોટામા,ગ્લાસમા અને માટલામાં પણ રહી શકે છે. એ કયારેય ચોક્કસ આકારના વાસણની હિમાયત કરતું નથી. આપણે પણ આવો ગુણ કેળવવાની જરૂર છે. ઠંડી ઓછી હોય ત્યારે જ હું તો રહી શકું, ઉનાળામાં પંખા વિના ચાલે જ નહીં, સવારમાં ચા પીધા વિના ચેન પડે જ નહી, રાતે એસી રૂમ ન હોય તો મને ઉંઘ આવે નહીં, હું કહું તેમજ થાવું જોઈએ. આવી અનેક પ્રકારની વિચિત્ર માન્યતાઓ લઈને આપણે જીવન જીવી રહયા છીએ. એટલા માટે જ ડગલેને પગલે મનમાં કલેશ પેદા થયા કરે છે. આ ત્રાસમાંથી મુકિત મેળવવી હોયતો આ ચાર સુત્રો યાદ રાખવા જેવા છે "ચાલશે", "ફાવશે", "ભાવશે", "ગમશે" આ સુત્રો સિધ્ધ થશે તો ઉદ્‌વેગ ભાગી જશેને જીવનનો સાચો આનંદ પ્રાપ્ત થશે.

પાણીનો બીજો સ્વભાવ શીતળતાનો છે. પાણીને ગમે તેટલું ગરમ કરો છતાં અંતે તે ઠરવાનું જ છે તેને ઠંડું કરવા મહેનતની જરૂર નહીં પડે. જીવનમાં પણ શીતળતાની અત્યંત આવશ્યકતા છે. સામી વ્યકિત ગમે તેટલી તપાવવાનો પ્રયાસ કરે કદાચ તપી જવાય. અંતે ઠરતા શીખો એકબીજાની ભૂલોને ભૂલીશું તો જ ઠરાશે અને ઠરશે તેજ તરશે. જાતુ કરવાની ભાવના અને સમાધાનકારી વૃતિ જ માણસને શાંતિ અને સુખ આપશે.

**પૈસાથી માણસ મહાન નથી બનતો**

## કૃષ્ણ અને ગાંધીજી વચ્ચે સામ્યતાઓ:

શ્રીકૃષ્ણ અને ગાંધીજી બંનેના નામ 'મોહન' હતા.

શ્રીકૃષ્ણ પિતાંબરધારી હતા, જયારે ગાંધીજી શ્વેત ખાદી ધારી હતા.

શ્રીકૃષ્ણ યમુના કિનારે જનમ્યા અને કાઠિયાવાડમાં જઈ પોઢયા, જયારે ગાંધીજી કાઠિયાવાડમાં જનમ્યા અને યમુના કિનારે જઈ પોઢયા.

શ્રીકૃષ્ણ સુદર્શન ચક્રધારી હતા, જયારે ગાંધીજી રેટિયો ચક્રધારી હતા.

શ્રીકૃષ્ણએ કુબ્જાનો સ્વીકાર કરેલો, જયારે ગાંધીજીએ કૃષ્ઠ રોગીઓની સેવા કરી.

શ્રીકૃષ્ણ ગ્રામસંસ્કૃતિ ગોકુળ માટે કાર્ય કર્યુ, જયારે ગાંધીજીએ ગ્રામસંસ્કૃતિ સેવાગ્રામ માટે કાર્ય કર્યુ.

શ્રીકૃષ્ણ દ્રોપદીના ચીર પુર્યો, જયારે ગાંધીજી એ ગરીબ સ્ત્રીને અર્ધનગ્ન જોઈ પોતાનું વસ્ત્ર આપી જાતે ટુંકી પોતડી પહેરી.

શ્રીકૃષ્ણ સાચાનો પક્ષ લેતી વખતે નિષ્ક્રીય ન રહયા, જયારે ગાંધીજીએ કયાંક અન્યાય જોયો ત્યાં અહિંસક લડત ચલાવી.

શ્રીકૃષ્ણને યાદવાસ્થળી વ્યથિત કરી ગઈ, જયારે ગાંધીજીને કોમી હુલ્લડો વ્યથિત કરી ગયા.

શ્રીકૃષ્ણ પર પારધીએ તીર છોડયું, જયારે ગાંધીજી ઉપર ગોડસે એ ગોળી ચલાવી.

*(સંકલન: રંગપરીયા ગુલાબ ડી.)*

## ખોદો, ખજાનો તમારી પાસે જ છે.

એક ચાર રસ્તાને ખુણે એક માણસ બેસી ભીખ માગતો. વર્ષો સુધી ભીખ માગતો રહયો, પણ દરરોજ પેટપુરતું પણ ના મળતું આખરે રોગગ્રસ્ત થઈ તે મરણ પામ્યો. જે સ્થળ ગંદકીથી ખદબદતું હતું તે જગ્યાએ વૃક્ષ વાવવાના હેતુથી લોકોએ ત્યાં ખાડો ખોદયો તો આશ્ચર્ય? થોડે જ ઉંડેથી ત્યાંથી ધનનો ચરું નિકળ્યો ને પેલો ભિખારી આજીવન ભુખે મરતો અંતે મરી ગયો. ધનનાં વિપુલ ભંડાર પર બેઠો હોવા છતાંય!

આનંદ, પ્રેમ, સુખ, શાંતિ, શકિત, જ્ઞાન અને સમુદ્ધિનો વિપુલ ખજાનો માનવીના અંતરાત્મામાં છે છતાં આપણે એક હાથ ઉંડા ઉતરતા નથી. દુનિયામાં ભટકયા કરીએ છીએ, ભીખ માંગીએ છીએ, ને આખરે મરણ પામીએ છીએ. માનવી અસીમ આત્મશકિતમાં શ્રદ્ધા રાખે અંતરનાં ઉંડાણમાં ઉતરી ખોદે તો ખુબ મબલખ ખજાનો જરૂર મળે. કારતક ૨૦૬૯થી શરુ થતા નવા વર્ષથી અંતરમાં જરા ઉંડા ઉતરીએ તો સુખ, સામર્થ્ય, સમુદ્ધિનાં વિશાળ સાગરનાં અચુક દર્શન થશે.

**પ્રિય વાચક મિત્રો,**

ટપક માટે આપ, સહયોગ રાશિ મોકલી શકો છો. ટપકને મોકલવામાં આવનાર આ રકમ ચેક અથવા ડ્રાફ્ટ થી શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનાં નામે મોકલવા વિનંતી છે. આપની આસપાસ બનતા બનાવો કે જે બીજા લોકો માટે અનુકરણીય હોય તેની વિગતો ટપકને મોકલી શકો છો તેથી અન્ય લોકો તે વિશે માહીતગાર બનશે.

— ટપક ટીમ

**જો તમે માલિક હો તો તમારું કાર્ય કરતી વ્યકિતનું હિત ઉરે ધરો**

## પૈસાને વેડફાય નહિ

એક વેપારીને ઘેર એકનો એક દીકરો. આથી માતા પિતા પુત્રને બહુ લાડ કરે. એને ખુશ રાખવામાં તેઓ કોઈ ખામી આવવા દે નહિ. વધારે પડતાં લાડથી પુત્ર બગડવા લાગ્યો. એ જેમ જેમ મોટો થતો ગયો તેમ તેમ વધુને વધુ ઉડાઉ થતો ગયો. ખોટો ખર્ચ ન કરવો જોઈએ એવી એને ખબર પડતી નથી. આથી માતા પિતાને ચિંતા થવા લાગી. પુત્રને સુધારવા માટે માતા પિતા ઘણા પ્રયત્નો કર્યા પણ કોઈ ફરક પડયો નહિ. એક દિવસ પિતાએ પુત્રને કહયું બેટા, મારી પાસે જે કાંઈ છે તે તારું જ છે. પણ શરત એ કે તું પણ કમાઈ શકે છે એવું તારે બતાવવું પડશે. ત્યાં સુધી મારા પૈસામાંથી તને એક પૈસોય નહિ મળે. પિતાની ટકોરથી પુત્રને ખુબ લાગી આવ્યું એણે નકકી કર્યુ, હું કમાઈ શકું છું એવું ચોકકસ બતાવી આપીશ. બીજે દિવસે પુત્ર કામની શોધમાં નીકળ્યો. ફરતા ફરતા તેને લારી ખેંચવાનું કામ મળ્યું. કામમાં અનાજની ગુણો લારીમાં મુકવાની ને બીજે જઈને ઉતારવાની હતી. આખો દિવસ કાળી મજુરી કરી ત્યારે એને એક રૂપિયો મળ્યો. રૂપિયો લઈ એ ઘેર ગયો. એણે રૂપિયો પિતાજીને આપ્યો. ઘરની પાછળ વાડામાં એક કુવો હતો. પિતાએ દિકરાને દેખતાં એ રૂપિયો કુવામાં નાખી દીધો. થોડા દિવસ આમ જ ચાલ્યું પિતા દીકરાને કશું કહે નહિ અને એની કમાણીનો રૂપિયો કુવામાં નાખી દે. હવે પુત્ર અકળાયો તેણે પુછયું પિતાજી, મારી કાળી મજુરીનો રૂપિયો તમે આમ કુવામાં શા માટે નાખી દો છો? પિતાએ એને કહયું હું જાણું છું કે તું દિવસભર સખત મજુરી કરે છે ત્યારે એક રૂપિયો કમાય છે. તારી મહેનતનો એક રૂપિયો જયારે હું કુવામાં નાંખી દઉં છું ત્યારે તારું હૃદય કપાઈ જતું હશે એ પણ હું સમજી શકું છું. એ જ પ્રમાણે દીકરા, મારા કમાયેલા રૂપિયા તું જયારે ગમે તેમ વેડફી નાખતો હતો ત્યારે મને કેવું લાગતું હશે? પુત્રને પોતાની ભુલ સમજાઈ ગઈ. એણે પિતાને કહયું હવેથી હું રૂપિયા ગમે તેમ વેડફીશ નહિ.




**વલ્લભભાઈ વાગડીયા**
તા. ૧૪–૧૦–૨૦૧૨

**ટપક પરિવાર તરફથી અર્પિત છે..**

**શ્રધ્ધાંજલિ**

સજજનતા તમારી સુવાસ હતી,
પ્રસન્નતા તમારૂ જીવન હતું.
પરોપકાર તમારૂ રટણ હતું,
સત્કાર્ય તમારી શોભા હતી.
એવા કર્મનિષ્ઠ પુણ્યાત્માને
અમારા કોટી કોટી વંદન



**હરગોવિંદભાઈ મહેતા**
તા. ૧૦–૧૦–૨૦૧૨

**બીજા કહે તેમ નહી, અંતરનો અવાજ સુણો**

## રવિ પાક તાલીમ

કોસ્ટલ સેલીનીટી પ્રિવેન્સીઅલ સેલ દ્વારા દરીયાઈ પટ્ટી પર ખેતીની ખારાશ ઘટાડવા કાર્યરત પાર્ટનર સંસ્થાઓના ખેતીવાડી અધિકારોઓની રવિ પાક પર પ્રેકટીસ ઓફ પ્રેકટાઈસીસ (પી.ઓ.પી) તાલીમ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર–અમરેલી ખાતે યોજાઈ ગઈ જેમાં ખારાશ વાળી જમીનને અનુકુલ અને ઓછા પાણીની જરૂરિયાત વાળા પાકો જેવા કે શાકભાજી, ઘઉં, જીરૂ, ચણા, ધાણા, વરીયાળી અને ઘાસ ચારાના પાકો પર ડૉ.એન.એસ.જોષી, ડૉ.કુંજડીયા, ડૉ.પાઠક, શ્રી હર્ષદ ચોવટીયા, ડૉ.જી.એન. પટેલ તથા દેવશ્રી પુરોહિતે માહિતી આપી હતી.

## પ્રેરણા પ્રવાસ અહેવાલ

દરીયાઈ વિસ્તારમા કાર્યરત સી.એસ.પી.સી. ની સાથી સંસ્થાઓના ખેતીવાડી નિદર્શનો પર કરાતા અખતરાઓની જાણકારી મેળવવા તથા પંજાબમાં ચાલતા રીવીવીંગ ધ ગ્રીન રીવોલ્યુએશન પ્રોજેકટ અંતર્ગત પંજાબ એગ્રી યુનિવર્સિટી, પંજાબ એગ્રીકલ્ચર વિભાગ તથા સર રતન ટાટા ટ્રસ્ટના સંયુકત ઉપક્રમે થઈ રહેલી કામગીરી જોવા તા.૨૦ થી ૨૨ સપ્ટેમ્બર ૨૦૧૨ના રોજ પ્રેરણા પ્રવાસ યોજાઈ ગયો.જેમાં સી.એસ.પી.સી ના પાર્ટનર સંસ્થાઓના ૧૨ ખેતીવાડી અધિકારીઓ સહભાગી થયા.

નિદર્શનોની ફિલ્ડ વિઝીટમાં બાસમતી ચોખા, કપાસ તથા મગફળીના નિદર્શનો જોયા. મધ ઉછેર કેન્દ્રમાં મધના ઉછેર તથા પ્રોસેસ વિશે જાણકારી મેળવી જેમાં મધ ઉત્પાદનમાં પંજાબ ભારતમાં સૌથી વધુ મધ ઉત્પાદન કરે છે.

દરેક ગામમાં ખેતીનો જાણકાર એક ફિલ્ડ સ્કાઉટ હોય તે ખેતીવાડી અધિકારીની દેખરેખ અને માર્ગદર્શન મુજબ કરે છે. પંજાબમાં એગ્રી કલ્ચર વિભાગની જીલ્લા અને બ્લોક લેવલે અલગ ઓફીસો છે. જેથી સંકલનથી સારૂ કામ થઈ શકે છે.

ફિલ્ડ સ્કાઉટને યુનિવર્સિટી દ્વારા પ્રેકટાઈઝીસ, સીડ ટ્રીટમેન્ટ, નર્સરી ટ્રીટમેન્ટ, આઈપીએમની તાલીમ આપી તૈયાર કરવામાં આવે છે. પરિણામે યુરીયા અને ડી.એ.પી નો ઉપયોગ ઓછો કરાવ્યો છે. દરેક ગામમાં માહિતી કેન્દ્ર ઉભા થયા. મધ ઉછેર કેન્દ્રમાં મધના ઉછેર તથા પ્રોસેસ વિશે જાણકારી મેળવી જેમાં મધ ઉત્પાદનમાં પંજાબ ભારતમાં સૌથી વધુ મધ ઉત્પાદન કરે છે. દરેક ગામે ફિલ્ડ સ્કાઉટ હોવાથી મોનીટરીંગ સારૂ થાય છે. રોગજીવાત ઓળખ અને તેનું નિયંત્રણ, ખેડૂત મંડળો, કૃષિ મેળો અને તેમા રસથી ભાગ લેતા ખેડૂતો, ખેડૂત માહિતી કેન્દ્રો જેનાથી ખેડૂતને નજીકમાં રોગ જીવાત ઓળખ અને નિયંત્રણની માહિતી પ્રાપ્ત થઈ શકે છે.

**યોગ્ય માણસને કામ ચીંધો**

## વરસાદની અસર

અમરેલી જીલ્લાના જાફરાબાદ તાલુકામાં મોટા ભાગના ખેડુતોની ખેતી વરસાદ પર આધારિત છે. ખરીફ સીઝનમા મોટા ભાગે બાજરો, કપાસ અને મગફળીનું વાવેતર આ વિસ્તારમાં થાય છે પરતું વરસાદની શરૂઆતમાં જુલાઈ માસમાં મોટા ભાગના લોકોએ સાહસ કરી મગફળી તથા કપાસનું વાવેતર કર્યું હતુ. પરંતુ ઓગસ્ટ ના છેલ્લા પખવાડીયા સુધી વરસાદ ન થતા કુવામાં તથા બોરમા પણ પાણી ખુટી જતા મુશ્કેલીઓ ઉભી થઈ. કપાસ અને મગફળીનો પાક પાણીની અછતને કારણે પીળો પડી ગયો હતો. પાણી ખુટી જતા પિયત આપવાનું બંધ થયું. જે ખેડુતોને પિયતની સગવડતા ન હતી તે લોકો ના બિયારણ ઉગી ને બળી ગયા અને તેમને ખાતર તથા બિયારણનું નુકશાન થયુ હતું. આમ આ વર્ષ જોવા જઈએ તો વરસાદ ન હોવાથી રોગ જીવાતનું પ્રમાણ નહીવત હતું પરતું સપ્ટેમ્બર માસમાં વરસાદ પડતા રોગ જીવાત નો ઉપદ્રવ વધ્યો હતો. જેમા થ્રિપ્સ મીલીબગ અને લાલપાનનો રોગ જોવા મળ્યા. વરસાદ થતા પશુના ચારા માટે જુવાર, મકાઈ અને બાજરીના વાવેતર થયા છે.

જુનાગઢ જિલ્લાના સુત્રાપાડા તાલુકામાં મુખ્યત્વે મગફળી અને શેરડીની ખેતી થાય છે. પરતું છેલ્લા બે–ત્રણ વર્ષથી ખેડુતો કપાસનું વાવેતર કરવામાં અગ્રેસર બન્યા છે. ચાલુ ખરીફ સીઝનમાં મગફળીનું તથા કપાસનું વાવેતર થયું હતું પરંતુ સમયસર વરસાદ ન તથા અને ૭૨ દિવસના વરસાદના વિરામને લીધે તમામ પ્રકારના બિયારણો ફેઈલ ગયા.આ વિસ્તારમાં ટીડીએસ વધારે હોવાથી પિયતની સગવડતા હોવા છતા પિયત આપી શકાતુ નથી. પિયત કરે તો મગફળી પીળી પડી જાય છે માટે મોટા ભાગના વિસ્તારમાં પાક નિષ્ફળ ગયા છે. સપ્ટેમ્બર માસમાં વરસાદ થતા એરંડા, જુવાર, મકાઈ નું વાવેતર ખેડુતોએ કર્યુ.

વેરાવળ તાલુકામાં ખેતીલાયક જમીનોના મુખ્યત્વે મગફળીની ખેતી થાય છે. છેલ્લા ૩ વર્ષથી અમુક ખેડુતો કપાસ તથા દિવેલાનું વાવેતર કરે છે ચાલુ ખરીફ સીઝનમાં વરસાદ થવા છતા પાણીની સગવડતા હોવાથી મોટા ભાગના ઓરવાણથી મગફળી તથા કપાસનું વાવેતર થયું છે આ વિસ્તારમાં પાણીની સગવડતા હોવાથી પિયત આપેલ પાક સારા છે. પરતું જેમને પિયતની સગવડતા નથી ત્યાં પાક બળી ગયા છે. પાછોતરા વરસાદથી પાકમાં રોગ જીવાતનું પ્રમાણ જોવા મળ્યુ. માઈક્રો ન્યુટ્રન્સની ખામીને લઈ પાન લાલ થઈ ખરી જાય છે. મોટા ભાગના વિસ્તારોમાં આ રોગને લઈને પાક નિષ્ફળ જવાનો ભય છે જયારે મગફળીમાં સુકારો ફુગ તથા મગફળી પીળી પડી જાય છે.

**સમય અને લક્ષ્મીનો વ્યય બચાવો**

**The secret of happiness**

A certain shopkeeper sent his son to learn about the secret of happiness from the wisest man in the world. The lad wandered through the desert for 40 days, and finally came upon a beautiful castle, high atop a mountain. It was there that the wise man lived.

Rather than finding a saintly man, though, our hero, on entering the main room of the castle, saw a hive of activity: tradesmen came and went, people were conversing in the corners, a small orchestra was playing soft music, and there was a table covered with platters of the most delicious food in that part of the world. The wise man conversed with everyone, and the boy had to wait for two hours before it was his turn to be given the man's attention.

The wise man listened attentively to the boy's explanation of why he had come, but told him that he didn't have time just then to explain the secret of happiness. He suggested that the boy look around the palace and return in two hours.

"Meanwhile, I want to ask you to do something", said the wise man, handing the boy a teaspoon that held two drops of oil. "As you wander around, carry this spoon with you without allowing the oil to spill".

The boy began climbing and descending the many stairways of the palace, keeping his eyes fixed on the spoon. After two hours, he returned to the room where the wise man was.

"Well", asked the wise man, "Did you see the Persian tapestries that are hanging in my dining hall? Did you see the garden that it took the master gardener ten years to create? Did you notice the beautiful parchments in my library?"

The boy was embarrassed, and confessed that he had observed nothing. His only concern had been not to spill the oil that the wise man had entrusted to him.

"Then go back and observe the marvels of my world", said the wise man. "You cannot trust a man if you don't know his house".

Relieved, the boy picked up the spoon and returned to his exploration of the palace, this time observing all of the works of art on the ceilings and the walls. He saw the gardens, the mountains all around him, the beauty of the

**દેખાદેખીથી દુર રહો, સહુની સંગે સમાનતાનો ભાવ રાખો**

flowers, and the taste with which everything had been selected. Upon returning to the wise man, he related in detail everything he had seen.
"But where are the drops of oil I entrusted to you?" asked the wise man.
Looking down at the spoon he held, the boy saw that the oil was gone.
"Well, there is only one piece of advice I can give you", said the wisest of wise men. "The secret of happiness is to see all the marvels of the world and never to forget the drops of oil on the spoon".
Author: Paul Coelho in "The Alchemist"

**Creed for those who have suffered**

I asked God for strength, that I might achieve.
I was made weak, that I might learn humbly to obey...
I asked for health, that I might do greater things.
I was given infirmity that I might do better things...
I asked for riches, that I might be happy.
I was given poverty, that I might be wise...
I asked for power, that I might have the praise of men.
I was given weakness, that I might feel the need of God...
I asked for all things, that I might enjoy life.
I was given life, that I might enjoy all things...
I got nothing I asked for--but everything I had hoped for.
Almost despite myself, my unspoken prayers were answered.
I, among all men, am most richly blessed!

**રાવણનો પથ્થર પણ તરવા લાગ્યો.**

જયારે મંદોદરીને ખબર પડી કે રામની સેના લંકા પર હુમલો કરવા પુલ બનાવે છે અને તેમા પણ હનુમાનજી પથ્થર પર રામનું નામ લખે છે એટલે પથ્થર તરવા લાગે છે. રામના નામની આવી શકિત જોઈ, મંદોદરી એ રાવણને કહયું કે "હજી પણ સુલેહ કરી લો, સીતાને પાછી સોંપીને માફી માગી લો." રાવણે કહયું, "રામનું નામ લખવાથી પથ્થર તરે છે એમા કઈ મોટી વાત છે, હું કંઈ પણ લખ્યા વગર પથ્થર તરાવી શકું છું. એમ કહી તેણે એક મોટો પથ્થર ઉપાડી પાણીમાં ફેકયો. પથ્થર સાચે જ તરવા લાગ્યો. મંદોદરી એ પૂછયું "આ તમે કેવી રીતે કર્યુ? રાવણે કહયું, મે પથ્થરને કહયું ડુબતો નહિ તને રામના સોગંદ છે.

**Engage on this month**

1 Meeting with MIS Company for Entrepreneur Model
2 Team Meeting -Amreli.
9-10 KVK Training Rabi crop, Amreli
1-13 Micro enterepreniorship Development program MEDP Training Devka (Rajula)
4-16 Micro entrepreneurship Development program MEDP Training Vandh (Jafrabad)
11 Field Visit of demonstration - Jafrabad and MIS shop for Rajula and Jafrabad
15 Promotion of Sustainable and Diversified Farming System in Coastal Belt of Gujarat - project Review Meeting at Ahemdabad
30 SFAC meeting Sajjtasangh Ahemdabad

Ekalnari campaign planning meeting held at 2 Oct and 20-21 Oct 12

---

**Happy birthday**

| | | |
|---|---|---|
| 1 | Pooja Upadhyay | 14/11/1987 |
| 2 | Dhirajlal Vagadia | 18/11/1961 |
| 3 | Mansukh Vekariya | 18/11/1973 |
| 4 | Anita Bhisal | 19/11/1987 |
| 5 | Nayna Gondaliya | 22/11/1993 |
| 6 | Parul Mahida | 23/11/1982 |
| 7 | Kalpna Gavit | 28/11/1979 |

**માહિતી અધિકાર હેલ્પલાઈન : ૯૯૨૪૦૮૫૦૦૦**

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

**Post Reg. No. L2/41/G-AMR-91/RNP/2012**
**Valid Upto 31/12/2014**

**RNI No. GUJGUJ/1999/01521**
**Date Of Issue 1st of month**

Book -Post, Printed Matter

SskK

ટપક કાર્યાલય :
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

**કરકસર અને કંજુસાઈમાં આસમાન અને જમીનનો તફાવત**